# હિસાબ નિયામકશ્રીની કચેરી
# નવસારી કૃષિ યુનિવર્સિટી
# નવસારી

NAVSARI AGRICULTURAL UNIVERSITY

## પરિપત્ર

**વિષય :– તા.૦૧/૦૧/૨૦૨૦ થી રાજ્ય સરકારનાં કર્મચારીઓને મળવાપાત્ર મોંઘવારી ભથ્થાંનાં દરમાં વધારો કરવા બાબત.**

આ સાથે સામેલ ગુજરાત સરકાર, નાણાં વિભાગનાં તા.૧૩/૦૧/૨૦૨૦ ના ઠરાવ ક્રમાંકઃ વલભ–૧૦૨૦૧૬–જીઓઆઈ–૭–ચ મુજબ તા.૦૧/૦૧/૨૦૨૦ થી **૫% મોંઘવારી ભથ્થાના દરમાં** સુધારણા કરવામાં આવેલ હોય, જેને આ યુનિવર્સિટીમાં અમલ કરવા નીચેની સુચનાસહ ઠરાવ પરિપત્રીત કરવામાં આવે છે.

(૧) સાતમા પગારપંચ મુજબ પગાર ભથ્થા મેળવતાં અધિકારી/ કર્મચારીઓને માહે **જાન્યુઆરી–૨૦૨૦ના રેગ્યુલર** પગારબીલે **( ૧૨+ ૫ ) = ૧૭ %** મુજબ મોંઘવારી ભથ્થું આકારીને ચુકવવાનું રહેશે.

(૨) **તા.૦૧/૦૭/૨૦૧૯ થી તા.૩૧/૧૨/૨૦૧૯** ના સમયનાં તફાવતની રકમ ચુકવવા બાબતમાં હવે પછીથી હુકમો કરવામાં આવશે.

**હિસાબ નિયામક**

**જા.નં. નકુયુ/કોમ્પ્ટ/વહટ/ ૩૮૯ /૨૦૨૦**
**તારીખ : ૧૬/૦૧/૨૦૨૦**

<u>**નકલ સવિનય રવાના**</u> :
(૧) આ યુનિવર્સિટીના તમામ કચેરીના વડાશ્રીઓ / નાણાં ઉપાડ અને ચુકવણાં અધિકારીશ્રીઓ તરફ જાણ તવા સારૂ.

<u>**નકલ રવાના**</u> :
૨) વહીવટી–વ–હિસાબી અધિકારીશ્રી,નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારી તરફ.
૧) અત્રેની કચેરીના ERP શાખા તરફ ઓનલાઈન કરવા સારૂ.

તા.૧/૭/૨૦૧૯ થી રાજ્ય સરકારના કર્મચારીઓને મળવાપાત્ર મોંઘવારી ભથ્થાના દરમાં વધારો કરવા બાબત

ગુજરાત સરકાર

નાણા વિભાગ

ઠરાવ ક્રમાંક : વલભ-૧૦૨૦૧૯-જીઓઆઇ-૭-ચ

સચિવાલય, ગાંધીનગર

તારીખ : ૧૩/૦૧/૨૦૨૦

વંચાણે લીધા: (૧) નાણા વિભાગનો તા. ૧૯/૫/૨૦૦૮ નો ઠરાવ ક્ર. વલભ-૧૦૨૦૦૭-૨૦૧૯-ચ

(૨) નાણા વિભાગનો તા. ૩/૭/૨૦૧૯ નો ઠરાવ ક્ર. વલભ-૧૦૨૦૧૯-જીઓઆઇ-૭-ચ

(૩) ભારત સરકારનો તા. ૧૪/૧૦/૨૦૧૯ નો કચેરી હુકમ નં. ૧/૩/૨૦૧૯/ઇ.૨(બી)

## //ઠરાવ//

ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો- ૨૦૧૬ હેઠળના પગારધોરણો મુજબના પગાર ઉપર છેલ્લે, સંદર્ભમાં દર્શાવેલ તા. ૩/૭/૨૦૧૯ ના સરકારી ઠરાવ અન્વયે રાજ્ય સરકારના કર્મચારીઓને તા. ૧/૧/૨૦૧૯ ની અસરથી ૧૨% ના દરે મોંઘવારી ભથ્થુ મળવાપાત્ર થશે તેમ ઠરાવવામાં આવેલ છે. રાજ્ય સરકારના કર્મચારીઓ અને પેન્શનરોના મોંઘવારી ભથ્થાના પ્રવર્તમાન ૧૨% ના દરમાં તા. ૧/૭/૨૦૧૯ ની અસરથી ૫% નો વધારો કરી, ૧૭% કરવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે નીચે દર્શાવ્યા મુજબના દરે મોંઘવારી ભથ્થુ મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

| ચૂકવવા પાત્ર તારીખ | ચૂકવવા પાત્ર માસિક મોંઘવારી ભથ્થાનો દર |
|---|---|
| તા. ૧/૭/૨૦૧૯ થી | મૂળ પગારના ૧૭% |

નાણા વિભાગના તા. ૧૬/૮/૨૦૧૬ ના ઠરાવની જોગવાઇ અનુસાર રાજ્ય સરકારના નિર્ણય અનુસાર અન્ય હુકમો ન થાય ત્યાં સુધી મોંઘવારી ભથ્થા સિવાયના અન્ય તમામ ભથ્થાઓ સુધાર્યા પૂર્વેના એટલે કે છઠ્ઠા પગાર પંચ મુજબના પગાર માળખામાં મળતા પગાર અને દર મુજબ મળવાપાત્ર થશે.

મોંઘવારી ભથ્થામાં ૫૦ (પચાસ) પૈસા અને તેના કરતાં વધુ પૈસાની ચૂકવણી આખા રૂપિયા પ્રમાણે થશે અને ૫૦ (પચાસ) પૈસા કરતા ઓછી રકમને ગણત્રીમાં લેવામાં આવશે નહીં.

રાજ્ય સરકારના અને પંચાયતના કર્મચારીઓને તા. ૧/૭/૨૦૧૯ થી મળવાપાત્ર મોંઘવારી ભથ્થુ જાન્યુઆરી-૨૦૨૦ ના માસથી ચૂકવવાનું રહેશે.

રાજ્ય સરકારના પેન્શનરોને તા. ૧/૭/૨૦૧૯ થી મળવાપાત્ર હંગામી વધારાની રકમ ઉપર મુજબ ચૂકવવાની રહેશે.

તા. ૧/૭/૨૦૧૯ થી તા. ૩૧/૧૨/૨૦૧૯ દરમ્યાનના તફાવતની રકમ ચુકવવા બાબતમાં હવે પછીથી હુકમો કરવામાં આવશે.

આ હુકમો જેમના પ્રોવિડન્ટ ફંડ ખાતા રાજ્ય સરકાર હસ્તક છે તેવા રાજ્ય સરકારના તમામ કર્મચારીઓ તથા પંચાયત કર્મચારીઓ, માધ્યમિક શાળાઓ અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ, સહાયક અનુદાન મેળવતી બિન સરકારી શાળાઓ/સંસ્થાઓ જેમના કર્મચારીઓને રાજ્ય સરકારની મંજુરીથી સાતમા પગારપંચ પ્રમાણે પગારસુધારણાનો લાભ આપવામાં આવેલ છે તેવા કર્મચારીઓને લાગુ પડશે.

આ હુકમોનો લાભ ઉચિત ફેરફાર સાથે પ્રાથમિક શિક્ષકો અને પંચાયતમાં પ્રતિનિયુક્તિ ઉપરના અથવા બદલી પામેલ કર્મચારીઓ તેમજ કામ પુરતા મહેકમ પરના કર્મચારીઓ જેમને સાતમા પગારપંચ મુજબ પગારસુધારણા મંજુર કરવામાં આવેલ છે તેમને મળવાપાત્ર થશે.

પંચાયતો દ્વારા તેમના કર્મચારીઓને મંજુર કરેલ મોંઘવારી ભથ્થાના કારણે અને બિન સરકારી માધ્યમિક શાળાઓને તેમના શિક્ષકોને તેમજ સહાયક અનુદાન મેળવતી સંસ્થાઓને તેમના કર્મચારીઓને આપવાના થતા મોંઘવારી ભથ્થાના કારણે થતું ખર્ચ, આ હુકમોમાં નિયત કર્યા પ્રમાણે વિનિયમિત કરવામાં આવશે. આ હુકમોને કારણે થતું ખર્ચ તે શરતે અનુદાનને પાત્ર ગણવામાં આવશે કે આ રીતે મંજુર કરેલ મોંઘવારી ભથ્થાના તફાવતનો હિસ્સો રાજ્ય સરકારના સમકક્ષ કર્મચારીઓને મળવાપાત્ર હિસ્સા કરતાં વધારે ન થવો જોઇએ.

રાજ્ય સરકારની પ્રવર્તમાન નીતિ અનુસાર મોંઘવારી ભથ્થામાં થતો આ વધારો જેમને સાતમા પગારપંચ મુજબ પગાર સુધારણા થયેલ છે તેમને મળવાપાત્ર થશે.

આ હુકમો અખિલ ભારતીય સેવા (A.I.S) અધિકારીઓને પણ લાગુ પડશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રમઝાન અ. જાફરાની)
સેક્શન અધિકારી
નાણા વિભાગ

**નકલ રવાના પ્રતિ-:**

* માન .રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
* માન .મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

માન .મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

માન .વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર .

* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત લોકાયુક્ત કચેરી, લોકાયુક્ત ભવન, ગાંધીનગર.
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત રાજ્ય તકેદારી આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
* અધ્યક્ષશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

સચિવાલયના તમામ વિભાગો/સર્વે ખાતાના વડાઓ

એકાઉન્ટન્ટ જનરલ ઓડિટ-૧, ગુજરાત, બહુમાળી ભવન, લાલ દરવાજા, અમદાવાદ.

એકાઉન્ટન્ટ જનરલશ્રી)એ.એન્ડ ઇ(., ગુજરાત, પો.બો. નં. ૨૨૦, રાજકોટ.

એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) ગુજરાત, અમદાવાદ.

પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.

સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ/પેટા તિજોરી અધિકારીશ્રીઓ.

સ્થાનિક ભંડોળ હિસાબ, ડી. એ. ટી.ગાંધીનગર /સર્વે સહાયક નિરિક્ષકશ્રીઓ.

નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, લેખાનુભવન, ગાંધીનગર.

નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, લેખાનુભવન, ગાંધીનગર.

તમામ નિગમ/બોર્ડ/યુનિવર્સિટીઓ/રાજ્ય સરકારના તમામ જાહેર સાહસો.

સીસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગ .....વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

સિલેક્ટ ફાઇલ

* પત્ર દ્વારા